


## આ ટ્યુટોરિયલમાં તમે કુશન કવર સીવતા શીખશો.




તમે તમારા રૂમને સરળતાથી નવો મેક ઓવર આપી શકશો. લાગે છે ને એકદમ આશાજનક?

એક 12" x 12 ઈંચ કુશનને બંધબેસતા કવર બનાવવા માટે તમારે જોઈશે: એક 13 x 30 ઈંચના કપડાનો ટુકડો, બિડેડ પિન, દોરીઓ , એક  માર્કર અને માપપટ્ટી.

આ ટ્યુટોરિયલ માટે આપણે સુંદર ફૂલવાળાં કપડાનો એક ટુકડો લેવાનો છે. કપડાંની ટૂંકી બાજુની કિનારીવાળા ભાગ ને  ડબલ ફોલ્ડ કરો ... આ રીતે ... અને તે જગ્યાએ પિન કરો.

આપણે પહેલા આ બાજુઓની સિલાઈ કરીશું . સ્ટિચ પેટર્ન સિલેક્ટરને સીધા ટાંકા લેવા માટે A તરફ ફેરવો, સ્ટિચ લંબાઈ 2.5 સુધી અને થ્રેડ ટેંશન  3.5 સુધી રાખો.

ફોલ્ડ કરેલ કિનારીઓની સાવચેતીથી સિલાઈ કરો, જેમ જેમ તમે સિલાઈ કરો તેમ તેમ પિનોને બહાર કાઢતા જાઓ. બીજી કિનારીઓની પણ એવી જ રીતે સિલાઈ કરો.

ત્યારબાદ કપડાને અડધા ભાગમાં એવી રીતે ફોલ્ડ કરો કે જેથી સીધી બાજુઓ સામ-સામે રહે. બતાવ્યા મુજબ સેન્ટરફોલ્ડથી 6 ઈંચ માર્ક કરો.







માર્ક કરેલા પોઈન્ટને સીધી લીટીથી કનેક્ટ કરો.

બીજી બાજુ પર આવું ફરીથી કરો.

માર્ક કરેલ બંને રેખાઓને સાથે ફોલ્ડ કરો...આવી રીતે.ત્યાં થોડો ઓવરલેપ થશે, તે ગાદીને સંપૂર્ણ રીતે પકડી રાખવા માટે કરેલ છે.

ઓવરલેપ કરેલા કપડાંઓને પિન કરો.

હવે અપને આ બંને ખુલ્લી કિનારીઓની સાથે સિલાઈ કરીશું... વધારાની દોરીઓને કાપીને અને ટ્રિમ કરીને બંધ કરો.

હજુ આ પૂર્ણ નથી થયું.



અત્યારે તમે જે સીવેલું છે અને ટ્રિમ કરેલું છે તેને ફરીથી મશીન પર લો. ઝીગ-ઝેગ સ્ટીચ કરવા માટે સ્ટીચ સિલેક્ટર ને C પર ફેરવો અને સ્ટીચ લંબાઈને 1.5 પર સેટ કરો.

ટ્રિમ કરેલા બંને છેડાઓની સાથે સિલાઈ કરો. જે કિનારીઓને મજબૂતી અને જબરદસ્ત ફિંનીશીંગ આપશે.





હવે પિનને કાઢી લો અને કુશન કવરને અંદર થી બહાર તરફ ફેરવો.



છે ને આ એકદમ સરળ? તમારે ફક્ત તમારા સ્થાનિક હોલસેલ બજારમાં જવું પડશે અને તમારી ઈચ્છાને ધ્યાનમાં રાખીને સરસ કાપડ ઘરે લાવવું પડશે. અને જયારે તમારા બેગ ભરાઈ જાય ત્યારે તમે ડ્રોઈંગ-રૂમ પર ફરીથી વિચાર કરી શરુ થઈ જવાનું છે . ઉષા જેનોમ એ.ઝેડ. મશીન ઘરે લાવો અને પોતાના સ્થાન પર બદલાવ લાવો.